# રવિવારે ટાઉન હૉલ ખાતે ધરાંગી પટેલનું આરંગેત્રમ્

ગાંધીનગર, તા. ૧૪

આગામી રવિવાર, તા. ૧૭ જૂનના રોજ ગાંધીનગર ટાઉન હૉલ ખાતે કુ. ધરાંગી પટેલનું આરંગેત્રમ યોજાઈ રહ્યું છે.

નગરના વેપારી કિરીટભાઈ અને જયશ્રીબેન પટેલની પુત્રી ધરાંગી પટેલ શ્રીમતી આર જી ગર્લ્સ હાઈસ્કૂલમાં ધોરણ-૯માં અભ્યાસ કરે છે અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી આર ઍન લલિતકલા અકાદમીના નેજા હેઠળ શકુંતલાબેન ઓઝાના માર્ગદર્શનમાં તેણે ભરતનાટ્યમ્‌ની તાલીમ પૂર્ણ કરી છે.



રવિવારે બપોરે ૨.૩૦ કલાકે ટાઉન હૉલ ખાતે આયોજિત આ આરંગેત્રમ કાર્યક્રમમાં અતિથિ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમેન વલ્લભભાઈ પટેલ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા, કલા ગુર્જરીના પ્રમુખ ઍન પી પટેલ તથા સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલ તથા નગરની અન્ય કલા સંસ્થાઓના મોવડીઓ ઉપસ્થિત રહેશે.

નૃત્ય કલામાં રસ ધરાવતા સૌ નગરજનોને આ કાર્યક્રમનો લાભ લેવા આર ઍન લલિતકલા અકાદમી તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ધો. ૧૧ બીજા સેમેસ્ટરનું પરિણામ ૨૩મી જૂનો

ગાંધીનગર, તા. ૧૪

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ દ્વિતિય સેમેસ્ટર એપ્રિલ-૨૦૧૨નું પરિણામ તા. ૨૩-૬-૨૦૧૨ને શનિવારે બોર્ડની વેબસાઈટ www.gseb.org પરથી ઉપલબ્ધ થશે તેમજ શાળાઓ માટે જિલ્લાના વિતરણ સ્થળો પરથી તે જ દિવસે સવારે ૧૧.૦૦ કલાકથી સાંજના ૧૬.૦૦ કલાક સુધી વિતરણ કરવામાં આવશે. જે માટે શાળાનો અધિકારપત્ર રજુ કરી બોર્ડના પ્રતિનિધિ પાસેથી શાળાનું સાહિત્ય મેળવી લેવા જણાવવામાં આવે છે. જે શાળાઓ સાહિત્ય લઈ નહી જાય તે શાળાઓએ બીજા દિવસે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી સાહિત્ય મેળવી લેવાનું રહેશે.

# કોબા હાઈસ્કૂલનું એસએસસીનું પરિણામ ૯૪.૭૪, એચએસસીનું ૮૩.૮૭ ટકા





ગાંધીનગર, તા.૧૪

માર્ચ-૨૦૧૨માં લેવાયેલા એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરીક્ષામાં કોબા ગામની જી.ડી.એમ. તથા એચ.એન.જે. કોબાવાળા હાઈસ્કુલનું એસ.એસ.સી. નું પરિણાન ૯૪.૭૪ તથા એચ.એસ.સી.નું ૮૩.૮૭ પરિણામ મેળવ્યું છે.

જી.ડી.એમ. તથા એચ.એન.જે. હાઈસ્કુલમાં એસ.એસ.સીમાં પ્રથમ ક્રમે સુથાર નિધી શૈલેષભાઈ ૮૭.૪૦ ટકા દ્વિતીય ક્રમે પ્રજાપતિ બીજલ દશરથભાઈ ૮૧.૧૦, તૃતીય ક્રમે પટેલ કિશન બીપીનભાઈ, ૭૬.૪૦ તેમજ એચ.એસ.સી.માં શાળામાં પ્રથમ ક્રમે જયેન્દ્ર કે. ઠાકોર ૭૫.૫૭ ટકા, દ્વિતીય ક્રમે જ્યોતિ જે.વાઘેલા ૭૩.૧૪ટકા, તૃતીય ક્રમે હીના.જી. વાઘેલા ૭૧.૨૯ ટકા ગુણ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરમાં ૨૦મી જૂને સંસ્કૃતના પંડિતો સન્માનાશે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃત ભાષાના ત્રણ પંડિતોનું સન્માન, સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને યુવા ગૌરવ પુરસ્કાર આપવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩માં તા. ૨૦-૬-૨૦૧૨ના રોજ ટાઉનહોલ, ગાંધીનગરમાં સાંજે ૬.૩૦ કલાકે આષાઢસ્ય પ્રથમ દિવસ - સંસ્કૃતોત્સવ કાર્યક્રમમાં વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃત ભાષાના ત્રણ પંડિતોના સન્માન, સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને યુવા ગૌરવ પુરસ્કાર ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે રાસ-ગરબા, નાટક વગેરેનો ત્રિદલમ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં રાજ્યના રમતગમત, યુવા એ સાંસ્કૃતિક વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા મુખ્ય મહેમાનપદે અને પ્રભારી મંત્રીશ્રી જયસિંહ ચૌહાણ તેમજ ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ શ્રી વેપટિ કુટુંબશાસ્ત્રીજી અતિથિવિશેષપદે ઉપસ્થિત રહેશે. વિવિધ પુરસ્કાર એનાયત કરવામાં આવનાર છે જેમાં વેદશાસ્ત્ર પારંગત પંડિતોમાં શ્રી જયાનંદ દયાળજી શુકલ - યર્જુવેદ - ૨૦૧૧-૧૨, શ્રી ભગવતલાલ ભાનુપ્રસાદ શુકલ - ઋગ્વેદ - ૨૦૧૧-૧૨ , શ્રી ઈન્દ્રવદન ભાનુશંકર ભટ્ટ - શાસ્ત્ર - ૨૦૧૧-૧૨ જ્યારે સાહિત્ય ગૌરવ પુરસ્કારમાં શ્રી લક્ષ્મેશ વલ્લભજી જોષી - ૨૦૧૨ અને યુવા ગૌરવ પુરસ્કારમાં શ્રી મિહિર પ્રદીપભાઈ ઉપાધ્યાય - ૨૦૧૨ એનાયત કરવામાં આવનાર છે.

# રાજ્યના સાહસિક યુવાનો માટે નર્મદા શ્રમ અને સેવા શિબિર યોજાશે

## અરજી કરવાની છેલ્લી તારીખ ૧૫-૭-૨૦૧૨

ગાંધીનગર, તા. ૧૪

રાજ્ય સરકાર ગુજરાતના યુવાનોમાં સાહસિક અને સેવાભાવી વૃત્તિ વધે તે માટે કટિબધ્ધ છે. રાજયના મતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા નર્મદા શ્રમ અને સેવા શિબિર-૨૦૧૨-૧૩ના નાણાંકીય વર્ષમાં કેવડીયા કોલોની, જિ. નર્મદા ખાતે યોજવામાં આવનાર છે.

વિશ્વની વિશાળ સિંચાઈ યોજના અને ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાના વિકાસકાર્યમાં રાજ્યના યુવાનો પોતાની શકિતઓને જોતરે, સદઉપયોગ કરે અને તે રીતે રાજ્યના અને રાષ્ટ્રના વિકાસમાં યુવાનો પોતાનું યોગદાન આપે તે આશયથી આ શ્રમ સેવા શિબિરનું આયોજન કરાયું છે. આ શિબિરમાં નર્મદા યોજના તથા પર્યાવરણને લગતું શ્રમ કાર્ય કરવામાં આવશે તેમજ નર્મદા યોજના અંગેની વિસ્તૃત માહિતી, ચર્ચાસભા, પ્રવચન દ્વારા યુવાનોને નર્મદા શ્રમશિબિરમાં જોડવામાં આવનાર છે.

શિબિરમાં જોડાવા ઈચ્છુક ૧૫થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતિઓને માગ્યા મુજબની માહિતી સાથેની અરજી તા. ૧૫-૭-૨૦૧૨ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીશ્રી, હોસ્ટેલ ગ્રાઉન્ડ, ભરૂચ-૩૦૦૦૦૧ને મોકલી આપવાની રહેશે. અરજીમાં પુરૂનામ, સરનામું, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, પર્વતારોહણ, એન.સી.સી., એનએસએસ કે સ્કાઉટગાઈડ, હોમગાર્ડઝ જેવી પ્રવૃત્તિઓની તથા રમગમતમાં ભાગ લીધો હોય તો તેની વિગત, પર્યાવરણ વિષેની સૂઝ, વાલીની સંમત્તિપત્ર, શારિરીક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર તેમજ તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સામેલ કરવાના રહેશે. વધુમાં પસંદગી પામેલ શિબિરાર્થીઓને શિબિરની જાણ કરવામાં આવશે તેમજ તેમના આવવા-જવાનો પ્રવાસ ખર્ચ તથા ભોજન-નિવાસની વ્યવસ્થા સરકારશ્રી તરફથી કરવામાં આવશે તેમ યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગર જિલ્લા જીત કુન ડો ઍસોસિએશનની રચના કરાઈ

## પ્રમુખ તરીકે હેમંત અડાલજા અને મહામંત્રી તરીકે પ્રજ્ઞેશ મેસરિયાની વરણી

## ગાંધીનગરના ખેલાડીઓ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં જીત કુન ડો ઍસોસિએશનની રચના કરવામાં આવી છે, જેના પ્રમુખ તરીકે હેમંત અડાલજા અને મહામંત્રી તરીકે પ્રજ્ઞેશ મેસરિયાની વરણી કરવામાં આવી છે.

જીત કુન ડો ઍસોસિએશનની જિલ્લા કક્ષાની સામાન્ય બેઠક તાજેતરમાં ગાંધીનગર ખાતે મળી હતી, જેમાં ઍસોસિએશનના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે હેમંત અડાલજા અને મહામંત્રી તરીકે પ્રજ્ઞેશ મેસરિયા ઉપરાંત, મંત્રી તરીકે હરદેવ ઉમટ, ઉપપ્રમુખ તરીકે કશ્યપ નિમાવત, ખજાનચી તરીકે કુંતલ નિમાવત, કાનૂની સલાહકાર તરીકે હર્ષવર્ધન પરીખ, જગદીશ લેઉવા, ફિઝીકલ ઍજ્યુકેશન ઍક્સપર્ટ તરીકે ડૉ. ગૌરાંગ રામી અને કારોબારી સભ્ય તરીકે નેશનલ સ્વીમર હિરેન જોષી, સૌમ્યા જોષી, નેશનલ બૉક્સર પ્રજ્ઞેશ રાવલ, હૅન્ડબૉલ પ્લેયર નવદીપસિંહ રાઠોડ તથા કરાટે નિષ્ણાત દિવ્યાંગ પરમારની વરણી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે જીત કુન ડો કરાટે ટૅકનીકની શોધ માર્શલ આર્ટના ભીષ્મ પિતામહ ગણાતા બ્રુસ લી દ્વારા કરવામાં આવી છે. આ રમતને એશિયાડ તથા ઑલિમ્પિકસમાં પણ માન્યતા પ્રાપ્ત થઈ છે. દેશમાં વિવિધ રાજ્યોના ખેલાડીઓ વચ્ચે યોજાતી સ્કૂલ ગેમ્સમાં પણ આ રમતને માન્યતા આપવામાં આવી છે. સ્કૂલ ગેમ્સમાં ગત વર્ષે ગાંધીનગર જીત કુન ડોની ટીમે દેશભરમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું એ વાતથી આપણે સૌ વિદિત છીએ.



હવે ઍસોસિએશનની રચના થતાં ગાંધીનગરના તાલીમાર્થીઓને જીત કુન ડોની પદ્ધતિસરની તાલીમ મળી શકશે અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લેવાની તક પણ મળી શકશે.

ઍસોસિએશનના નવા વરાયેલા હોદ્દેદારોને નગરની વરિષ્ટ કલા સંસ્થાઓ જી ઈ કલબ, કુંજ કલા કેન્દ્ર તથા અવસર કલામંદિર દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# મહેબૂબ બલોચે નેશનલ કીક બોકસીંગમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭માં આવેલી મહારાણા પ્રતાપ વિદ્યામંદિરનો ધોરણ-૧૦માં અભ્યાસ કરતો મહેબૂબ ઈમામખાન બલોચે તાજેતરમાં દિલ્હી ખાતે રમાયેલી નેશનલ કીક બોકસીંગમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ગુજરાત રાજ્ય તરફથી ગાંધીનગરના મહેબૂબ બલોચે દિલ્હીમાં રમાયેલી જુદા જુદા રાજ્યો વચ્ચેની નેશનલ કીક બોકસીંગમાં સફળ રીતે ભાગ લીધો હતો. જેમાં તેણે ખૂબ જ સુંદર પ્રદર્શન કરવાનો સફળ પ્રયત્ન કર્યો હતો. ગુજરાત તરફથી ગયેલા આ ખેલાડીને જીતેન્દ્ર પરમારે કોચીંગ અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. શાળા પરિવારે તેને તેની આ સિદ્ધિ બદલ અભિનંદન અને આગામી સ્પર્ધામાં સફળ થવા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# સેક્ટર-૮ વસાહત મંડળ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા.૧૪

વસાહત મંડળ સેકટર-૮ દ્વારા ચાલુ વર્ષે ધોરણ- ૧ થી ૯ માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા હોય તેવા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનવાનું આયોજન કરેલ છે. તો વિદ્યાર્થીઓના વાલીઓએ વસાહત મંડળના પ્રમુખ રમણભાઈ મકવાણા પ્લોટ નં. ૩૨૧/૧ આસોપાલવ સોસાયટી, ગીરીશભાઈ યાદવ પ્લોટ નં. ૮૧૫ તથા પ્રેમકુમાર રાજપુત પ્લોટ નં. ૪૨૭/૨ ગીતાંજલી પાર્કમાં ૩૦ જૂન સુધી માર્કશીટની કોપી આપી નામ નોંધાવવા જણાવવામાં આવ્યું છે.

# ક્રિડા કૌશલ્ય વર્ધક કાર્યક્રમ અંતર્ગત અનુસૂચિત જાતિના ખેલાડીઓનો સ્કીલ ડૅવલપમેન્ટ કેમ્પ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત સરકારના રમતગમત યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગર (સીઓ - મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૨૧, ગાંધીનગર, ફોન, ૦૭૯-૨૩૨૪૧૧૮૦) દ્વારા અનુસૂચિત જાતિના ખેલાડીઓમાં રહેલી રમત લક્ષી સુષુપ્ત શક્તિઓને કૌશલ્ય વર્ધક કાર્યક્રમ દ્વારા બહાર લાવી રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે આ જાતિના ખેલાડીઓ સારા પરીણામ મેળવી શકે તે હેતુને ધ્યાને લઈ તા. ૩૧-૮-૧૨ના રોજ ૧૬ વર્ષ પુર્ણ ન થાય તેટલી ઉંમરના ગાંધીનગર જિલ્લાના ખેલાડી ભાઈઓ બહેનો માટેનો કબડ્ડી, ખોખો, વોલીબોલ, એથલેટીક્સ અને યોગાસન એમ કુલ પાંચ રમતોનો ૨૧ દિવસનો નિવાસી પ્રશિક્ષણ શિબિર ૩૧-૮-૧૨ પહેલા યોજવામાં આવનાર છે. તો આ શિબિરમાં ભાગ લેવા માટે નીચેની લાયકાત ધરાવતા ખેલાડીઓને સિનિયર કોચની કચેરીમાંથી ૧૫-૭-૧૨ સુધીમાં કચેરી સમય દરમ્યાન રજાના દિવસો સિવાય ફોર્મ મેળવીને ભરી પરત કરવાના રહેશે.

લાયકાત - (૧) ખેલમહાકુંભની જિલ્લા કક્ષા સ્પર્ધાના વિજેતા, (૨) શાળાકિય રમતના જિલ્લા કક્ષા સ્પર્ધાના વિજેતા, (૩) વિવિધ રમતના એસોસીએશનની જિલ્લા કક્ષા સ્પર્ધાના વિજેતા, (૪) જિલ્લાના પ્રતિભાવંત ખેલાડીઓ

ઉપરોક્ત લાયકાત ધરાવતા ખેલાડીઓ ફોર્મ ભરી શકશે અને કોઈપણ એક જ રમતમાં જોડાવાનું રહેશે. દરેક રમતના ૧૦૦ ખેલાડીઓની મર્યાદા છે, તેમ છતાં વધારે સંખ્યા થશે તો જે તે ખેલાડીઓની સિદ્ધિ તેમજ પરફોમન્સને ધ્યાને લઈ પસંદગી કરીને પ્રવેશ આપવામાં આવશે.

આ શિબિરમાં જોડાનાર ખેલાડીઓને નિવાસથી શિબિર સ્થળે આવવા અને પરત જવાનું પ્રવાસ ખર્ચ, ભોજન, નિવાસ તેમજ સ્પોર્ટસ કિટ સરકારશ્રી દ્વારા નિયત કરેલ ધોરણો મુજબ પુરા પાડવામાં આવશે. આ શિબિર નિવાસી હોઈ શિબિર સ્થળે રોકાણ કરવું ફરજીયાત રહેશે. આ શિબિર ગાંધીનગર જિલ્લામાં રમતને અનુરૂપ સ્થળે યોજવામાં આવશે.

# સ્કૂલ ઓફ એચીવરનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના સરગાસણ મુકામે આવેલી સ્કૂલ ઓફ એચીવરના વિદ્યાર્થી હિરેન ખરાડીએ AIEEEની પરીક્ષામાં એસ.ટી. કેટેગરીમાં ગુજરાતમાં ભારતમાં પ્રથમ રેન્ક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાયેલ ઓલ ઈન્ડિયા એન્જિનીયરીંગ-આર્કીટેકચર એન્ટ્રન્સ એકઝામીનેશન AIEEE ૨૦૧૨માં સ્કૂલ ઓફ એચીવરના ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થી હિરેન સુભાષભાઈ ખરાડીએ ૨૮૩ માર્કસ મેળવીને એસ.ટી. કેટેગરીમાં ઓલ ઈન્ડિયમાં ૧૦૫૯મો રેન્ક અને ગુજરાતમાં ૨૦મો રેન્ક પ્રથમ ક્રમે મેળવી સમગ્ર શાળાનું તથા પોતાના માતા-પિતાનું ગૌરવ વધાર્યું છે જેને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# શુક્રવારે મુખ્યમંત્રીશ્રી અમદાવાદ જિલ્લાના ગામોમાં કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ જનઅભિયાનનું નેતૃત્વ કરશે

ગાંધીનગર, તા.૧૪

મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવના સફળ દશમાં અભિયાનના બીજા દિવસે તા.૧૫ જૂન-૨૦૧૨ શુક્રવારે, અમદાવાદ જિલ્લાના બે ગામો પચ્છમ અને વટામણમાં આ વિરાટ જનઅભિયાનનું નેતૃત્વ કરશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વટામણ અને ધંધુકા તાલુકાના પચ્છમ ગામોમાં બાળકોનું શાળા નામાંકન કરાવશે અને કન્યા શિક્ષણની જ્યોત પ્રગટાવી પ્રેરક માર્ગદર્શન પુરૂં પાડશે.

# શુભ વચનોનાં શ્રવણ તથા શુભ દશ્યોનાં દર્શન પામવા સતત પ્રયત્નશીલ રહીએ

**સંસ્કાર ચિંતન**

- અનંતરાય ન વ્યાસ



*ૐ ભદ્રં કર્ણેભિ: શ્રુણુયામ દેવા:*
*ભદ્રં પશ્યેમાક્ષીભિર્યજત્રાં*

હે દેવ, અમે અમારા કર્ણો દ્વારા સદા શુભનું શ્રવણ કરીએ, અમારાં ચક્ષુ દ્વારા સદા શુભના જ દર્શન કરીએ... મુંડક ઉપનિષદ

યજુર્વેદનો આ મંત્ર ત્રણ-ત્રણ ઉપનિષદોના શાંતિ મંત્ર તરીકે સ્થાન પામ્યો છે. સજ્જનો માટેની આ એક સાર્વત્રિક શાશ્વત શ્રેષ્ઠ પ્રાર્થના છે. આ પ્રાર્થનામાં ઋષિ ન તો મનની શાંતિ માગે છે, ન પ્રભુ દર્શન, ન સિદ્ધિ. એ તો માગે છે દૈનિક જીવનમાં સમયે સમયે માત્ર શુભનું દર્શન, શુભનું શ્રવણ.

ઋષિએ આવી પ્રાર્થના કરવાનું શા માટે ઈચ્છ્યું હશે ? એ સમય તો સંસ્કૃતિનો ઉષ:કાળ જ હતો. વાતાવરણમાં શુભ ભાવનાઓ તથા સંકલ્પોનો ફેલાવો થયેલો. આમ છતાં ઋષિને શુભ પામવા માટે પ્રાર્થનાનો સહારો લેવો પડ્યો તે દર્શાવે છે કે માનવ મનમાં શુભ કરતાં અશુભ જરા વધારે જલદી પ્રતિષ્ઠિત થઈ જાય છે. જ્યારે અશુભ વિચારો, વર્તનો, દશ્યો ને સંકલ્પો વિશ્વમાં વધતા હોય ત્યારે પોતાના ચિત્તને તે અસરથી મુક્ત રાખવા સજ્જનો પરમાત્માને જ પ્રાર્થના કરે.

હવે જો એ યુગમાં પણ આવી સ્થિતિ હોય તો આપણા આજના સમય માટે તો શું કહેવું ? ચારેબાજુથી અનેક સ્વરૂપે ને વિવિધ માર્ગે જ્યાં સતત અશુભની જ વૃષ્ટિ થતી હોય, ત્યાં કેમ બચવું ? આ માટે સતત જાગૃતિ, સાવધાની તથા શાંતિ રાખીને અસદ્ તત્ત્વોનો પ્રચાર તથા પ્રસાર શા કારણે થાય છે તે જોવું જોઈએ.

અહીં આપણે આધુનિક સામાજિક સ્થિતિની ચર્ચા નથી કરતા પરંતુ ઋષિ સમયની સ્થિતિની વાત કરીએ છીએ. વ્યક્તિ શુભ છોડી અશુભ તરફ શા માટે પ્રેરાય છે તે માટે બૃહદ આરણ્યક ઉપનિષદમાં એક કથા છે. પરમાત્માએ આંખ તથા કાનના દેવો તરીકે સૂર્ય તથા વાયુને નિમ્યા જેથી આ બે ઈન્દ્રીય પવિત્ર રહે. પણ અસૂરોએ 'રૂપ' દર્શાવી આંખને લલચાવી તથા કાનમાં અપશબ્દોનું ઝેર રેડ્યું. પરિણામે બંને ઈન્દ્રિયો અપવિત્ર થઈ ગઈ. પરિણામે પાપ મનમાં પ્રવેશી ગયું.

સ્વામી ચિન્મયાનંદજી કહે છે, 'શેતાન કાન વડે જ મનમાં પ્રવેશે છે. માણસો ન જોવાનું જુએ છે, રસપૂર્વક જુએ છે ને સાંભળે છે. જેના પરિણામે આપણા મનમાં ખરાબ, હલકી તથા અશુભ ભાવનાઓનો જન્મ થાય છે. આંખ અને કાકન જ બાહ્ય વિશ્વ સાથે સીધા સંપર્કમાં આવે છે. બાહ્ય વિશ્વ સાથેનો આ એક સેતુ છે. આ સેતુ મારફત લાલસાઓ, કામનાઓ, આશાઓ મનમાં પ્રવેશે છે. લાલસા ને કામના જ વાસનાના નામે ઓળખાય છે. આ વાસના જ માનવીને બાંધે છે, પુનર્જન્મના ચક્કરમાં ફસાવે છે. આપણા જન્મોનું મુખ્ય કારણ આ વાસના છે, જે કાન તથા આંખ દ્વારા ચિત્તમાં સ્થાન પામેલ હોય છે.'

વિશ્વમાં ચૉતરફ જાતજાતનો ગણગણાટ ફેલાયેલો છે. જે સતત આપણા કાન પર પડતો રહે છે. તેમાં મોટાભાગે તો અશુભ તત્ત્વો જ વધારે હોય છે. હવે ભગવાને કાનને પડદા તો નથી આપ્યા. જે કંઈ કાને પડે છે તે મનમાં ઝીલાય છે ને કચરો ઠલવાતો રહે છે. મન એક વખત જો અશુભ વાતોમાં રાચતું જાય તો પછી તેમાં જ રમણ કરતું રહે છે. વારંવાર તે જ શબ્દો યાદ આવે.


આની અસર આપણા વિચારો પર થાય છે. વિચાર બગડે તેનું જીવન બગડે. જેવા વિચાર તેવા આચાર થાય. મનની શાંતિમાં ખલેલ પડે. બાહ્ય વિશ્વનું ધ્વનિ પ્રદૂષણ માત્ર પર્યાવરણને જ નહિ, આપણા મનને પણ બગાડે છે. આમાંથી બચવા જ ઋષિ શુભ સાંભળવા ઈચ્છે છે.

શ્રવણ કરતાં ચક્ષુનું કાર્ય વધારે અસરકારક હોય છે. શુભ દર્શન - શુભ શ્રવણ કરતાં વધારે શ્રેષ્ઠ છે. કારણ કે પદાર્થ વિશ્વનાં જે કોઈ દશ્યો આપણી નજર સમક્ષ ભજવાય છે તે તેની આકૃતિ સાથે મનમાં ચિતરાઈ જાય છે. ઘણીવાર તો અશુભ તત્ત્વો કલાના નામે શુભનો સ્વાંગ ધરી રજૂ થતાં હોય છે. આપણે બંને વચ્ચે વિવેક કરવાનો છે. જે દશ્ય આપણે નિહાળીએ તેની અસર લગભગ કાયમી રહેતી હોય છે. જો કોઈ અશુભ કે ગંદું દશ્ય તમે નિહાળશો તો સમયાંતરે તે દશ્ય તમારી સામે વારંવાર જીવિત થતું રહેશે. ટીવી કે ફિલ્મના પડતા પરનાં બિભત્સ દ્રશ્યો, હલકી નવલકથાનાં હલકાં વર્ણનો, કલાના નામે પ્રચલિત બેહૂદાં ચિત્રો ઈત્યાદિનું અવલોકન હાનિકારક સાબિત થાય છે. ઋષિ દર્શન શબ્દ વાપરે છે. શુભનું દર્શન કહેવાય, જ્યારે અશુભને જોવું તે પણ ખરાબ ગણાય.

ઋષિ શુભ વચનોનું શ્રવણ તથા શુભ દશ્યોનું દર્શન પામવા સતત પ્રયત્નશીલ છે. શુભનું દર્શન ને શ્રવણ આપણા મનની શાંતિ માટે આવશ્યક બાબત છે. આપણું ચિત્ત અતિ સંવેદનશીલ હોય છે. એકાદ સારો વિચાર કે શબ્દ પણ કાને પડે તો તુરત તેની અસર થાય છે. ચિત્તને ક્યારેય કચરો ગમતો નથી. આપણે જ્યારે હલકી વાતોમાં ભાગ લેતા હોઈએ ત્યારે પણ આપણું આંતરિક મન તો વિરોધ જ કરે છે. બાહ્ય વિશ્વમાં જે થોડું ઘણું સારું છે તે જોવા પામવા ચિત્ત સદા પ્રયત્નો કરે છે. આપણે તો માત્ર મદદ કરવાની.

આપણે સામાજિક પ્રાણીઓ છીએ. આપણને દરેકને આપણાં વર્તુળો હોય છે. બેઠકો દરમ્યાન અનેક વાતો થતી રહે છે. આવા સમયે આપણે જાગૃતિ રાખીને વાતોનો સવળા પાટે ચડાવવી જોઈએ. જો આપણે શુભ જોવા તથા સાંભળવા ઈચ્છતા હોઈએ તો આપણે પણ શુભ જ બોલવું જોઈએ. શુભ ભાવનાઓ જ સેવવી જોઈએ. જ્યાંથી મળે ત્યાંથી સારા વિચારો ગ્રહણ કરીને તેનો જ ફેલાવો સમાજમાં થાય તેવો સતત પ્રયત્ન કરવો જરૂરી છે. સમાજમાં થતી વાતોમાંથી કેટલી ઝીલવી કે ન ઝીલવી તેનો વિવેક કરતાં શીખવું જોઈએ. ઘણી વાતો - ખાસ તો નિંદા અતિ મીઠી લાગે છે. પણ યાદ રાખવું કે જે કાને પડ્યું, નજરે જોયું તે મનમાં વવાયું ને જે વવાય તે ઊગે. આંબો વાવતાં જ આંબો ઊગે ને થોર વાવતાં થોર. રસ્તે પસાર થતી કોઈ અતિ સ્વરૂપવાન મહિલાને જોઈ પ્રથમ ક્ષણે જે વિચાર આવે તે સંસ્કાર છે. આ સંસ્કારનું ઘડતર શુભ શ્રવણ-દર્શનથી થતું હોય છે. જો તમે સદા શુભનાં દર્શન-શ્રવણ માટે સતત જાગૃત હશો તો મહિલાને જોઈ શિવાજી મહારાજ જેવા શુભ વિચાર આવશે.

ઋષિ પ્રાર્થના દ્વારા આપણને ચેતવે છે. ચારે તરફ ફેલાતા ગંદવાડમાંથી જે થોડું શુભ બચ્યું હોય તે જ આપણને પ્રાપ્ત થાય. આપણે પણ પરમાત્માને પ્રાર્થના કરીએ, હે દેવ, અમને સદાય શુભ વચનો જ સાંભળવા મળે. અમને સદા શુભનું દર્શન થાય. અમારી બંને ઈન્દ્રિયો પવિત્ર રહે તેથી અમારું જીવન સાર્થક થાય.



## રસ્તે પસાર થતી કોઈ અતિ સ્વરૂપવાન મહિલાને જોઈ પ્રથમ ક્ષણે જે વિચાર આવે તે સંસ્કાર છે